Surat Municipal Corporation

e-Magazine

Issue 41
Mar. 3, 2006

## સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન તથા રાંદેર ઝોન ખાતે ફલેટટાઈપ વામ્બે આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન તથા રાંદેર ઝોન ખાતે ફલેટટાઈપ વામ્બે આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ, ટી.પી.સ્કીમ નં. ૩૩, ફા. પ્લોટ નં. આર–૨૧, ડુંભાલ પૂણા જકાતનાકાથી પરવત ગામ તરફ જતા ખાડી ઉપરના પુલ પાસે, રાંદેર ખાતે ઈ.ડબલ્યુ.એસ.આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ ટી.પી.સ્કીમ નં. ૨૩, ફા. પ્લોટ નં. ૩૭, નવયુગ કોલજની સામે, હનુમાન ચોક પાસે, ગોરાટ, રાંદેર ખાતે ફલેટટાઈપ વામ્બે આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ ટી.પી.સ્કીમ નં. ૨૩, ફા. પ્લોટ નં. ૫૪,૬૩, નવયુગ કોલજની સામે, હનુમાન ચોક પાસે, ગોરાટ, મોજે જહાંગીરાબાદ ખાતે ફલેટ ટાઈપ વામ્બે આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે તા. ૨૭–૦૨–૨૦૦૬ના રોજ સોમવારે સવારે રાખવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ભેસ્તાન કોમ્યુનીટી હોલ ખાતે વામ્બે આવાસ યોજનાના ફલેટનો યોજાયેલ ડ્રો




કેન્દ્ર સરકાર પુરસ્કૃત ગરીબીરેખા હેઠળ આવતાં કુટુંબો માટેની વાલ્મિકી આંબેડકર આવાસ યોજના (વામ્બે) અંતર્ગત સરકારશ્રી તરફથી સુરત મહાનગરપાલિકાને આજદીન સુધી કુલ ૩૭૦૦ વામ્બે આવાસો બાંધવાનો લક્ષ્યાંક ફાળવેલ, જેની સામે સુરત મહાનગરપાલિકાએ ૪૪૦ જેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે. ૧૭૮૦ જેટલા વામ્બે આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. જયારે ૯૯૧ જેટલા વામ્બે આવાસો આયોજન હેઠળ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા મીની મેરેથોન દોડ સ્પર્ધાનું થયેલ આયોજન



સુરત મહાનગરપાલિકા સંચાલિત મીની મેરેથોન દોડ સ્પર્ધા તા. ૨૬–૨–૨૦૦૬ના રોજ સવારે ૬.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી (એસ.વી.આર. એન્જી. કોલેજ) ઈચ્છાનાથ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સ્ત્રીઓ તથા પુરૂષોના ૧૮ વર્ષથી ૩૫ વર્ષનું અ ગ્રુપ, ૩૫ વર્ષથી ૫૦ વર્ષનું બ ગ્રુપ, ૫૦ વર્ષથી ૬૦ વર્ષનું ક ગ્રુપ તથા ૬૦ વર્ષથી વધુ વયનું ડ ગ્રુપ એમ પુરૂષોના કુલ ૪ વિભાગમાં તથા સ્ત્રીઓના બે વિભાગ મળી કુલ ૬ વિભાગમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન તથા રાંદેર ઝોન ખાતે ફલેટટાઈપ વામ્બે આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ

સુરત મહાનગરપાલિકા દ્વારા લીંબાયત ઝોન તથા રાંદેર ઝોન ખાતે ફલેટટાઈપ વામ્બે આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ, ટી.પી.સ્કીમ નં. ૩૩, ફા. પ્લોટ નં. આર–૨૧, ડુંભાલ પૂણા જકાતનાકાથી પરવત ગામ તરફ જતા ખાડી ઉપરના પુલ પાસે, રાંદેર ખાતે ઈ.ડબલ્યુ.એસ.આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ ટી.પી.સ્કીમ નં. ૨૩, ફા. પ્લોટ નં. ૩૭, નવયુગ કોલજની સામે, હનુમાન ચોક પાસે, ગોરાટ, રાંદેર ખાતે ફલેટટાઈપ વામ્બે આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ ટી.પી.સ્કીમ નં. ૨૩, ફા. પ્લોટ નં. ૫૪,૬૩, નવયુગ કોલજની સામે, હનુમાન ચોક પાસે, ગોરાટ, મોજે જહાંગીરાબાદ ખાતે ફલેટ ટાઈપ વામ્બે આવાસો બાંધવાની ખાતમુહૂર્તવિધિ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્‌હસ્તે તા. ૨૭–૦૨–૨૦૦૬ના રોજ સોમવારે સવારે રાખવામાં આવેલ.

મેયરશ્રીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા શહેરીજનોને તમામ પ્રકારની સેવા આપવા કટીબધ્ધ છે. શહેરના ગરીબોને પોતાનું મકાન સસ્તા દરે રહેઠાણ મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે. લોકોના જીવનમાં ફલેટ ટાઈપ મકાનોનું એક ખુબ જ ગૌરવપ્રદ સ્થાન છે. સુરત મહાનગરપાલિકાએ શહેરના ગરીબ લોકોને લક્ષ્યમાં રાખી આવા ફલેટ ટાઈપ આવાસોનું બાંધકામ કરવાનું નકકી કરેલ છે. આજે શહેરમાં જમીનો, મકાનો ની કિંમત વધતી જાય છે ત્યારે સામાન્ય જન માટે ફલેટ ટાઈપ મકાન એ એક સ્વપ્ન સમાન છે. પરંતુ કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકાના સહયોગ એવા ત્રિવેણી સંગમ થકી શહેરના ગરીબોને જમીનની કિંમત કરતા પણ ખૂબ જ કીફાયતી ભાવે મકાનો તૈયાર કરી આપવામાં આવે છે. ટૂંક સમયમાં શહેરી ગરીબોને ડ્રો ધ્વારા ફલેટોની ફાળવણી કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકાએ શહેરીજનોને સેવાઓ આપવા હંમેશ કટીબધ્ધ છે. સમાજના છેવાડાના વર્ગ ને સવલતો પૂરી પાડવા આ શાસકો હંમેશા તત્પર રહે છે.

આ પ્રસંગે કમિશનરશ્રીએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર પુરસ્કૃત અને નેશનલ હાઉસીંગ પોલીસી અન્વયે શહેરી ગંદા વિસ્તારમાં ગરીબી રેખા હેઠળ આવતા કુટુંબો તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકો કે જેમની પાસે રહેવાની પુરતી વ્યવસ્થા નથી તેવા કુટુંબ માટે ફલેટ ટાઈપ આવાસ યોજના અંતગર્ત તથા શહેરી વિસ્તારોમાં વસતા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે રાજય સરકારના માલિકીની અથવા ટી. પી. સ્કીમ હેઠળની ઈ.ડબલ્યુ.એસ. આવાસો માટે અનામત રાખેલ જમીનોમાં મકાનો બાંધવાનું નકકી કરી તમામ શહેરોને લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો. તે અંતર્ગત સને ૧૯૯૯ થી સને ૨૦૦૪ સુધીમાં ૭૭૫૪ આવાસો બાંધવાનું લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો જેની સામે સુરત મહાનગરપાલિકાએ ૭૪૨૪ આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે. જે પૈકી ૩૫૩૩ આવાસો શહેરી ગરીબોને જાહેર ડ્રો મારફત ફાળવવામાં આવેલ છે. જયારે ૩૮૯૧ આવાસો વિકાસના કામમાં નડતરરૂપ ઝુંપડાવાસીઓને સ્થળાંતર કરી વસાવીને ફાળવવામાં આવેલ છે જયારે બાકી રહેતા ૩૩૦ આવાસો પૈકી ૮૦ આવાસોનું કામ શરૂ થનાર છે જયારે ૧૧૨ આવાસોના અંદાજ મંજુરી હેઠળ છે. બાકી રહેતા ૧૩૮ આવાસોની કામગીરી ટુંક સમયમાં કરવામાં આવશે. વધુમાં સરકારે સુરત મહાનગરપાલિકાને કોસાડ ખાતે ૧૧.૭૮ લાખ ચો. મી. જમીન તબદીલ કરી ૧૦,૦૦૦ ઈ. ડબલ્યુ.એસ. આવાસ બનાવવાના સુચન અન્વયે કોસાડ ખાતે પ્રથમ તબકકાના ૨૦૦૦ આવાસોનું ટુંક સમયમાં આયોજન કરવામાં આવશે.

૨૦ મુદા કાર્યક્રમ અંતર્ગત માસિક રૂા. ૨૫૦૦/– થી રૂા. ૫૦૦૦/– આવક જૂથવાળા લોકો માટે ગુજરાત સરકારે ૬૫ એલ.આઈ.જી. આવાસો બાંધવા લક્ષ્યાંક આપેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાએ ૧૧૩ એલ.આઈ.જી. આવાસો બાંધવાનું આયોજન કરેલ છે. જે આવાસોના ડ્રો ની કાર્યવાહી ટુંક સમયમાં કરવામાં આવશે. તેના ભાગરૂપે ભેસ્તાન ટી.પી. ૨૧ ખાતે તૈયાર થયેલ ૨૨૮ આવાસો પૈકી પાત્રતા ધરાવતા ૯૧ લાભાર્થીઓ માટેનો ડ્રો તા. ૧–૩–૨૦૦૬ના રોજ મા. મેયરશ્રીની ઉપસ્થિતમાં રાખવામાં આવેલ છે. બાકીના આવાસોની ફાળવણી માટેનો ડ્રો ટુંક સમયમાં કરવામાં આવશે.

આજરોજ મા. મેયરશ્રીએ ડુંભાલ ખાતે ખાતમુહૂર્ત કરેલ વામ્બે આવાસ યોજનાના કુલ ૨૧૬ આવાસો અંદાજીત રૂા. ૨૩૫.૪૪ લાખના ખર્ચે ૧૨ માસમાં તૈયાર કરવામાં આવશે. પ્રતિ આવાસ રૂા. ૧ લાખ ૯ હજારની કિંમતે તૈયાર થશે. જે પૈકી રૂા. ૨૫ હજારની કેન્દ્ર સરકારની સબસીડીનો લાભ લાભાર્થીને આપવામાં આવશે. આ ઉપરાંત રાંદેર ઝોનમાં ટી. પી. ૨૩, એફ. પી. ૩૭ ખાતે ઈ.ડબલ્યુ.એસ. આવાસ યોજનાના કુલ ૮૦ આવાસો અંદાજીત રૂા. ૭૭ લાખના ખર્ચે ૬ માસમાં તૈયાર કરવામાં આવશે. પ્રતિ આવાસ રૂા. ૯૬,૪૧૭/– ની કિંમતે તૈયાર થશે. જે પૈકી રૂા. ૫ હજારની રાજય સરકારની સબસીડીનો લાભ લાભાર્થીને આપવામાં આવશે. આ ઉપરાંત રાંદેર ઝોનમાં ટી. પી. ૨૩, એફ. પી. ૫૩, ૬૩ ખાતે વામ્બે આવાસ યોજનાના કુલ ૩૮૪ આવાસો અંદાજીત રૂા. ૩૨૪ લાખના ખર્ચે ૧૨ માસમાં તૈયાર કરવામાં આવશે. પ્રતિ આવાસ રૂા. ૮૪,૪૧૫/– ની કિંમતે તૈયાર થશે. જે પૈકી રૂા. ૨૫ હજારની કેન્દ્ર સરકારની સબસીડીનો લાભ લાભાર્થીને આપવામાં આવશે. આ ઉપરાંત રાંદેર ઝોનમાં જહાંગીરાબાદ બ્લોક નં. ૨૪૩ પૈકી, એચ–૮ ખાતે વામ્બે આવાસ યોજનાના કુલ ૪૩૨ ફલેટ ટાઈપ આવાસો અંદાજીત રૂા. ૩૬૭ લાખના ખર્ચે ૧૨ માસમાં તૈયાર કરવામાં આવશે. પ્રતિ આવાસ રૂા. ૮૪,૯૪૯/– ની કિંમતે તૈયાર થશે. જે પૈકી રૂા. ૨૫ હજારની કેન્દ્ર સરકારની સબસીડીનો લાભ લાભાર્થીને આપવામાં આવશે.

કેન્દ્ર સરકાર પુરસ્કૃત અને રાજય સરકાર ધ્વારા પ્રેરીત શહેરી ગરીબોને આવાસો પુરા પાડવાના અભિગમના ભાગરૂપે સુરત શહેર સ્લમ ફ્રી શહેર તરીકે ઉભરી આવશે. સામાન્ય જન સમુદાય સુધી પાયાની તમામ સવલતોનો લાભ પહોચાડી જનસમુદાયને સારૂં સ્વાસ્થ્ય અને પર્યાવરણ ઉપલબ્ધ કરાવી તેમની એકંદર વિકાસ અને ઉન્નતિનું સ્વપ્ન સાકાર કરી શકાશે. તેવી આશા વ્યકત કરી હતી.

સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના અધ્યક્ષ શ્રી ભીખુભાઈ ડી. ગામીતે મંચ ઉપર બીરાજમાન મહાનુભાવો તેમજ ઉપસ્થિત પ્રજાજનો નો આભાર માન્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષશ્રીઓ ડે. મેયર ડો. સુષ્માબેન એસ. અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનરશ્રી પંકજ જોષી, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, મહાનુભાવો અને પ્રજાજનો ઉપસ્થિત રહયા હતા.



TOP

## ભેસ્તાન કોમ્યુનીટી હોલ ખાતે વામ્બે આવાસ યોજનાના ફલેટનો યોજાયેલ ડ્રો

કેન્દ્ર સરકાર પુરસ્કૃત ગરીબીરેખા હેઠળ આવતાં કુટુંબો માટેની વાલ્મિકી આંબેડકર આવાસ યોજના (વામ્બે) અંતર્ગત સરકારશ્રી તરફથી સુરત મહાનગરપાલિકાને આજદીન સુધી કુલ ૩૭૦૦ વામ્બે આવાસો બાંધવાનો લક્ષ્યાંક ફાળવેલ, જેની સામે સુરત મહાનગરપાલિકાએ ૪૪૦ જેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ કરેલ છે. ૧૭૮૦ જેટલા વામ્બે આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. જયારે ૯૯૧ જેટલા વામ્બે આવાસો આયોજન હેઠળ છે.

ટી.પી.સ્કીમ નં. ૨૧ (ભેસ્તાન) ફા. પ્લોટ નં. ૫૧ પૈકી અને ૧૯માં પૂર્ણ થયેલ વામ્બે આવાસો માટે ગરીબી રેખા હેઠળ આવતા અરજદારો પાસે અરજીઓ મંગાવવામાં આવેલ હતી. ફા. પ્લોટ નં. ૫૧ માં ૧૧ તથા ફા. પ્લોટ નં. ૧૯ માં ૮૦ મળી કુલ ૯૧ જેટલી માન્ય અરજીઓ રહી હતી.

ઉપલબ્ધ આવાસો કરતાં અરજીઓની સંખ્યા ઓછી હોવાથી ફકત આવાસ ક્રમાંક માટે માન. મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના પ્રમુખ સ્થાને જાહેર ડ્રો ભેસ્તાન કોમ્યુનીટી હોલ, ભેસ્તાન ખાતે રાખવામાં આવેલ હતો. ઉકત ડ્રો ની કાર્યવાહીમાં ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સ્લમ ઈમ્પ્રવમેન્ટ સમિતિના ચેરમેન શ્રી ભીખુભાઈ ગામીત સહિત અન્ય કમિટીના ચેરમેનશ્રીઓ અને મ્યુનિસિપલ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જે.એમ.પટેલ અને આસી. કમિશ્નરશ્રી સી. વાય ભટ્ટે માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. કાર્યક્રમનું સંચાલન યુ.સી.ડી.ના શ્રી નરેશ વ્યાસે સંભાળ્યું હતું. ઉપરોકત જાહેર ડ્રો માં સફળ થનાર લાભાર્થીઓની યાદી ઉધના ઝોન કચેરી, સીટી સિવીક સેન્ટર તેમજ ભેસ્તાન વોર્ડ ઓફિસ ખાતે દિન–૨માં પ્રસિધ્ધ કરવામાં આવશે.




TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા મીની મેરેથોન દોડ સ્પર્ધાનું થયેલ આયોજન

સુરત મહાનગરપાલિકા સંચાલિત મીની મેરેથોન દોડ સ્પર્ધા તા. ૨૬–૨–૨૦૦૬ના રોજ સવારે ૬.૩૦ કલાકે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી (એસ.વી.આર. એન્જી. કોલેજ) ઈચ્છાનાથ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સ્ત્રીઓ તથા પુરૂષોના ૧૮ વર્ષથી ૩૫ વર્ષનું અ ગ્રુપ, ૩૫ વર્ષથી ૫૦ વર્ષનું બ ગ્રુપ, ૫૦ વર્ષથી ૬૦ વર્ષનું ક ગ્રુપ તથા ૬૦ વર્ષથી વધુ વયનું ડ ગ્રુપ એમ પુરૂષોના કુલ ૪ વિભાગમાં તથા સ્ત્રીઓના બે વિભાગ મળી કુલ ૬ વિભાગમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં સ્ત્રીઓએ ૧૦ કિ.મી. તથા પુરૂષોએ ૧૪ કિ.મી.નું અંતર પુરૂ કરવાનું હતું. સ્ત્રીઓમાં કુલ ૨૦ સ્પર્ધક તથા પુરૂષોમાં કુલ ૧૩૮ સ્પર્ધકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધાના જુદા જુદા વિભાગનો આરંભ ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા વિગેરેએ કરાવ્યો હતો. આ ઉપરાંત સ્પર્ધકોએ પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકાની વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ તથા સદસ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહયા હતા. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

**–:: સ્પર્ધાનું પરિણામ ::–**

| –:: પુરૂષોનો વિભાગ ::– | | | | |
|---|---|---|---|---|
| વિજેતા ક્રમ | પુરૂષો–અ વિભાગ ૧૮ થી ૩૫ વર્ષ | પુરૂષો–બ વિભાગ ૩૫ થી ૫૦ વર્ષ | પુરૂષો–ક વિભાગ ૫૦ થી ૬૦ વર્ષ | પુરૂષો–ડ વિભાગ ૬૦ વર્ષથી વધુ |
| પ્રથમ વિજેતા | મયંક એસ. સેલર | જયેશ એન. સેલર | નરેશ એસ. ટાલિયા | હરિશચંદ્ર જે. પોટલા |
| દ્વિતિય વિજેતા | જતીનબી.નાવિક | ભૂપેન્ સી. સેલર | ડો. જનક એમ. દેસાઈ | શૈલેષ જી. ત્રિવેદી |
| તૃતિય વિજેતા | અજય આર. સેલર | દિનેશ જે. ભગત | હરિઓમ એસ. વ્યાસ | જશવંતલાલ સી. પટેલ |

| –::સ્ત્રીઓનો વિભાગ ::– | | |
|---|---|---|
| વિજેતા ક્રમ | સ્ત્રીઓ–અ વિભાગ : ૧૮ વર્ષથી ૩૫ વર્ષ | સ્ત્રીઓ–બ વિભાગ ૩૫ વર્ષથી ૫૦ વર્ષ |
| પ્રથમ વિજેતા | મોદી ફેની બંસીલાલ | હસુમતિબેન ડી. ઈચ્છાપોરિયા |
| દ્વિતિય વિજેતા | ભગત અંકિતાબેન દિનેશભાઈ | મધુબેન એન. મીસ્ત્રી |
| તૃતિય વિજેતા | ટંડેલ મિત્તલ હરિલાલ | જાગૃતિબેન એસ. પટેલ |



ઉપરોકત વિજેતા સ્પર્ધકોને ડે. મેયરશ્રી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષાશ્રીએ ટ્રોફી, પ્રમાપણપત્ર અને પુરસ્કાર એનાયત કર્યા હતા. સ્પર્ધા માટે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી (એસ.વી.આર.એન્જી. કોલેજ) ના કેમ્પસનો વિના મૂલ્યે ઉપયોગ કરવા માટે પૂરતો સહકાર મળ્યો હતો. ન.પ્રા.શિ.સમિતિના વ્યાયામ શિક્ષકોએ રેફરી તરીકે સુંદર સેવા આપી હતી.

TOP